# હિંમતનગરમાં નાર્યસ્તુ વંદના કાર્યક્રમ યોજાશે

**પૂર્વ મંત્રી સ્વર્ગસ્થ રણજીતસિંહ ચાવડાના સ્મરણાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર. પટેલના હસ્તે ગંગા સ્વરૂપ બહેનોનું સન્માન થશે : ટાઉનહોલમાં વાલ્મિકી સમાજના બહેનોનું પણ સન્માન થશે : પિતા સ્વર્ગસ્થ રણજીતસિંહ તાલુકાની જનતા માટે ૧૩ વર્ષ સુધી સેવા કરવાનો મોકો મળ્યો હતો: રાજેન્દ્રસિંહ ચાવડા : સવારે સ્વામિનારાયણ મંદિરે ગંગા સ્વરૂપ બહેનોનું સન્માન પછી ટાઉનહોલમાં વાલ્મિકી સમાજની બહેનોનું સન્માન થશે**

બાયડ તા.૯

હિંમતનગર શહેરમાં આજે એક અનોખો કાર્યક્રમ યોજાશે જે સમગ્ર રાજ્યમાં ધારાસભ્ય દ્વારા યોજાતો કાર્યક્રમ પ્રથમ હોવાનો અંદાજ છે હિંમતનગર તાલુકાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પિતા સ્વર્ગસ્થ રણજીતસિંહ ચાવડા ના સ્મરણાથે યોજાયેલ કાર્યક્રમ નાર્યસ્તુ વંદના કાર્યક્રમ દ્વારા શહેરના આંકડો પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરે તાલુકાની ગંગાસ્વરૂપ બહેનોનું ભવ્ય સન્માન થશે જેની વિગત આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જેડી પટેલે જણાવેલ કે સ્વર્ગસ્થ રણજીતસિંહજી ચાવડાના સ્મરણાથે યોજાયેલા કાર્યક્રમમાં આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષદભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. જે સમગ્ર સમાજ માટે અનોખો પહેલ હશે આ ની પ્રેરણા સમગ્ર રાજ્યમાં લેવાશે સાથે સાથે ભાજપ પણ સામાજિક સમરસતામાં માને છે તેથી શહેરના ટાઉનહોલ માં વાલ્મિકી સમાજની બહેનોનું પણ સન્માન રાખવામાં આવેલ છે આ સમગ્ર કાર્યક્રમની વિગત આપતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવેલ કે મારા પિતા સ્વર્ગસ્થ રણજીતસિંહ જી એ તાલુકામાં ૧૩ વર્ષ સુધી તેમણે સેવા કરવાનો મોકો મળ્યો હતો તેના પગલે અમે પણ સમાજમાં આવી બહેનો માન-સન્માન જળવાય તેથી ગંગાસ્વરૂપ બહેનોને અને વાલ્મિકી સમાજની બહેનો નું સન્માન રાખવામાં આવેલ છે જેમાં સમગ્ર ભારતીય જનતા



પક્ષના તમામ કાર્યકરો પણ આમાં જોડાયા છે કારણકે પંડિત દિન દયાલ જી નો વિચાર હતો કે સમાજમાં આવી બહેનો, વાલ્મિકી સમાજના લોકો, સેવાળા ના તમામ જરૂરિયાત મંદ વ્યક્તિઓના ઉત્થાન માટે કામ કરવું તેના પરીપેક્ષ રૂપે નરેન્દ્રભાઈ મોદીની સરકારે પણ તેમના માટે અનેક યોજનાઓ તેમજ તેમના ખાતામાં જરૂરિયાત સહાય મળે છે જે આઝાદીના આટલા વર્ષો પછી ભાજપની સરકારે કામો કર્યા છે તેના ભાગ સ્વરૂપે અમે પણ અસ્પૃત્યના માં માનતા નથી સામાજીક સમરસતામાં માનીએ છીએ તેથી જ એમને વિચાર આવ્યો કે આપણે પહેલ આપણા હિંમતનગર તાલુકામાં થી જ કરીએ. જે લગભગ ૬ થી ૭ હજાર બહેનો નું સન્માન થશે દલિત સમાજની બહેનો નું પણ મેલું ઉપાડવાનું કામ કરતી હતી અમે સૌ સમાજના લોકો, એક સમાજ છે તે માનીએ છીએ વધુમાં જણાવેલ કે મતોની રાજનીતિ વગર આ બંને કાર્યક્રમો થકી ભાવનાત્મક જોડાણ થાય સમાજના છેવાડાના માનવી આત્મસન્માન થી જીવે અને ફરી પંડિત દિન દયાલ જીના વિચારોને પૂરતી મંત્ર કરવા સન્માનવાનો કાર્યક્રમ રાખેલ છે સાબરકાંઠા જિલ્લામાં ત્રણ કરોડ બાર લાખ રૂપિયા ગંગાસ્વરૂપ બહેનોને સરકાર દ્વારા એક વર્ષમાં ચૂકવવામાં આવ્યા છે તેમ જણાવેલ. સવારે ૯:૩૦ કલાકે ટાઉનહોલમાં મનીષ બેન વકીલ, રમણલાલ વોરા સહિત પણ જોડાશે. બંને કાર્યક્રમોમાં મુખ્યમંત્રીશ્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ પણ હાજર રહેવાના છે. આજની યોજાયેલ પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર તથા કનુભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ગ્રામ પંચાયત ચૂંટણી ધમધમાટ: દેશી પીનારાઓ ઈંગ્લિશ દારૂની ડીમાન્ડ કરવા લાગ્યા

## ગામડાંમાં રાત પડે દારૂ પી ઢેલ થનારાની સંખ્યા વધવા લાગી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લીની ૫૫૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયા પછી અનેક ગામડાંઓમાં ઉમેદવારો અને ટેકેદારો વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં જાણે કે ભારત અને પાકીસ્તાન વચ્ચે યુદ્ધ થવાનું હોય તેવી સ્થિતિનાં મંડાણ થયાં છે. ચૂંટણીના ધમધમાટમાં અનેક યુવાનો બરબાદ થઈ રહ્યા છે. અત્યાર સુધી ગામડાઓમાં દેશી દારૂ પીનારાઓનો વર્ગ પણ દર ૫ વર્ષે મળતા મોકાનો ભરપૂર ફાયદો ઉઠાવી હવે ઈંગ્લિશ દારૂની ડીમાન્ડ કરી રહ્યો છે અને હવે ગરજના માર્યા ઉમેદવારોને મોંઘાભાવનો વિદેશી શરાબ મતદારોને પીરસવાની ફરજ પડતાં રાત પડે દારૂ પી ઢેલ થનારાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

જિલ્લાના ધનિક અને મધ્યમ વર્ગીય લોકો થર્ટી ફર્સ્ટની ઉજવણી દોઢ સપ્તાહ પછી શરુ કરશે પરંતુ જિલ્લામાં ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ જામતાં ગામડાઓમાં અત્યારથી જ થર્ટી ફર્સ્ટની ઉજવણી શરૂ થઈ ગઈ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. પગમાં જૂતાંનાં ઠેકાણાં ન હોય તેવા ગરીબ મતદારોના હાથમાં રૂ.૭૫ થી ૧૫૦ની વિદેશી શરાબની બોટલ જોઈ ચકમો આવે તે સ્વાભાવિક બાબત છે પરંતુ જિલ્લામાં આ એક હકીકત બની રહી છે. અનેક ગ્રામ પંચાયતોમાં ચૂંટણીનો જંગ પ્રતિષ્ઠા અને નાક બચાવવાનો જંગ બન્યો છે ત્યારે દારૂની રેલમછેલથી પંચાયત વિસ્તારો સમી સાંજથી માંડી રાત્રિ સુધી સતત ધમધમતા રહે છે. દારૂના બુટલેગરોને પણ શુભ-કમૂહુર્તમાં મોટો ધંધો પંચાયતોની ચૂંટણીઓએ આપી દીધો છે. જિલ્લામાં અનેક ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ ઉમેદવારો પોતાના મતદારોને જૂથબંધ રાખવા માટે ક્યાંક..ક્યાંક છૂટક પાર્ટીઓ તો ક્યાંક સામૂહીક ખાણી..પીણીની પાર્ટીઓ શરૂ કરવાની સાથે દીવડા ઉપાડી સોગંદ લેવડાવવાની રસમો શરૂ થઈ ગઈ છે. જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોમાં વિધાનસભાની ચૂંટણીઓને પણ ઝાંખો પાડે તે રીતનો ચૂંટણી જંગ જામતાં મતદારોની મોટા પાયે ખરીદીના વાવડ પણ મળી રહ્યા છે. ટૂંકમાં જિલ્લામાં રાત્રે ચૂંટણીના માહોલને લઈને દૂધ અને પાણી કરતાં પણ દેશી અને વિદેશી શરાબનો વપરાશ વધુ થતો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં જ દોઢ થી બે કરોડ રૂપિયાનો દારૂ પીવાઈ જશે તેવું ગણિત કેટલાક નવરા લોકો માંડી રહ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં મચ્છરોનો અજગરી ભરડો

## તંત્ર જાગશે નહીં તો મોટી મહામારીની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લીમાં છેલ્લા ૪-૫ દિવસથી મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં મોટી મહામારીની સંદેહના વ્યક્ત કરાઈ રહી છે. એક તરફ કાતિલ ઠંડીનું મોજૂ ફરી વળ્યું છે અને બીજી તરફ મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં જિલ્લામાં શંકાસ્પદ ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા અને સાદા મેલેરીયાના અઢળક કેસો બહાર આવ્યાનું ખાનગી તબીબોએ જણાવ્યું છે. જિલ્લામાં આરોગ્ય તંત્ર ગમે તેટલી કાળજી રાખે તો પણ મચ્છરોનો ઉપદ્રવ વધુ ને વધુ બેકાબુ બની રહ્યો છે. જાણે કે આખા રાજ્યમાંથી મચ્છરોએ જિલ્લા ઉપર જ પસંદગી ઉતારી હોય તે રીતે મચ્છરોનો કોપ હાવિ થતાં જનરલી શિયાળા દરમ્યાન તબીબોને સ્લેક સીઝન રહેતી હોય છે પરંતુ મચ્છરોના ઉપદ્રવથી જનરલ પ્રેક્ટીસનરોના ધંધામાં તડાકો પડ્યો છે. આમેય જિલ્લામાં દર મહિને સરેરાશ ૧૫ થી ૨૦ ડેન્ગ્યુના કેસ પ્રકાશમાં આવતા હોય છે પરંતુ આરોગ્ય તંત્રના માપદંડોમાં આ કેસો પોઝીટીવ ન હોવાથી જિલ્લામાં મચ્છરોના ઉપદ્રવને નિયંત્રણમાં રાખવા માટે રાખવા જોઈતા ઉપચારો થઈ શકતા નથી. જિલ્લાના અનેક આરોગ્ય કેન્દ્ર વિસ્તારોમાં મચ્છરોના ઉપદ્રવને નાથવા દવાઓનો છંટકાવ થયો હશે કે કેમ..?? તે બાબત એક ભૂતકાળ બની રહી છે. જિલ્લામાં ડેન્ગ્યુના જનક ગણાતા એડિસ મચ્છરોનો ઉપદ્રવ બાયડ, ધનસુરા, હિંમતનગર, મેઘરજ, ભિલોડા, મોડાસા, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં સવિશેષ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં શિયાળા દરમ્યાન મચ્છરોના ઉપદ્રવને નાથવો આમ પ્રજા માટે પણ મુશ્કેલ રૂપ છે.

**વહેલી સવારે ધુમ્મસથી વાહન ચાલકોને મુશ્કેલી**

# સાબરકાંઠામાં ઠંડીનું જોર વધ્યું : એક દિવસમાં એક ડીગ્રી લઘુત્તમ તાપમાન ઘટ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબરકાંઠા અને ઉત્તર ગુજરાત કોલ્ડ વેવ તરફ સરકતું હોય તેમ વહેલી સવારે ભારે ધુમ્મસને લઈને વાહન ચાલકો વાહનો હંકારવામાં મોટી કઠીનાઈનો સામનો કરી રહ્યા છે અને માંડી રાત્રિથી પરોઢ સુધી કાતિલ ઠંડીના સૂસવાટાથી જનજીવન ઠંડુગાર બની ગયું છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતું હોય તેમ એક દિવસમાં લઘુત્તમ તાપમાનમાં એક ડીગ્રીની ગીરાવટ આવી છે. જિલ્લાની પ્રજાને આગામી દિવસોમાં વધુ કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે તેવું ઠંડીના આક્રમક મિજાજ ઉપરથી જણાઈ રહ્યું છે.

કાતિલ ઠંડીની ટીકા કરનારાઓ માટે ફરીથી ઠંડી જિલ્લામાં મૂકામ કરવા માટે આવી હોય તેવું દેખાઈ રહ્યું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં કાતિલ ઠંડી વચ્ચે પણ રાજકીય ગરમાવાને લઈને ગ્રામ્ય જીવન માંડી રાત સુધી ધબકતું હોય તેવું ઠેર ઠેર સળગતાં તાપણાં ઉપરથી જણાઈ રહ્યું છે. જિલ્લામાં આમતો ઠંડીનો આ ત્રીજો રાઉન્ડ શરૂ થયો છે. કાતિલ ઠંડી ધીમે ધીમે પોતાની પગદંડી વધુ મજબૂત કરતી હોય તેવી તાસિર ઉભરી રહી છે. જિલ્લામાં શિયાળો શરૂ થયો છતાં કાતિલ ઠંડી અનુભવાતી ન હતી અને તેની સીધી અસર રવી ખેતીની વાવણી ઉપર જોવા મળી હતી. પરંતુ હવે ઠંડીએ પોતાનું કામણ બરાબરનું પાથરી દીધું છે ત્યારે ખેડૂતો પણ કાતિલ ઠંડીના સૂસવાટામાં ઠૂઠવાઈ..ઠૂઠવાઈ પાણી વાળવાથી માંડી ખેતીની માવજતમાં લાગ્યા હોય તેવા દ્રશ્યો સમી સાંજથી સીમાડામાં જોવા મળી રહ્યા છે.

**કોંગ્રેસ પ્રમુખ પદે જગદીશ ઠાકોરની નિયુક્તિ**

# જિલ્લાના બાયડ-તલોદના બેલ્ટ ઉપર અસરની સંભાવના

## પાટીદાર ફેક્ટર પછી ઓ.બી.સી. ફેક્ટરના આંકડા માંડવાની શરૂઆત

બાયડ, તા. ૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકે જગદીશ ઠાકોરની નિયુક્તિ પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બાયડ-તલોદના બેલ્ટ ઉપર અસરની સંભાવના કે નહી..!! તેનું આંકલન શરૂ થયુ છે. પાટીદાર ફેક્ટર પછી ઓ.બી.સી. ફેક્ટરના આંકડા માડંવાની શરૂઆત થઈ છે.

પ્રાપ્ત જાણકારી મુજબ જિલ્લાના બાયડ, ધનસુરા-મોડાસા-માલપુર-તલોદ-પ્રાંતિજ-હિંમતનગર વિસ્તારમાં ઠાકોર ઓ.બી.સી. સમાજની વધુ વસ્તી છે. મુખ્ય રાજકીય પક્ષો જાતિગત ગણિત માંડી લોકસભા-વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોને મેદાનમાં ઉતારતા આવ્યા છે. છેલ્લા ૪ વર્ષથી કોંગ્રેસમાં નિષ્ક્રીય જોવા મળતી હતી. પ્રદેશ પ્રમુખ, વિધાનસભા વિપક્ષના નેતા મુદ્દે કેન્દ્રીય નેતાગીરી યોગ્ય નિર્ણય લઈ ન શકતાં પક્ષની નેતાગીરી ઉપર કાર્યકરો પસ્તાળ પાડતા હતા ત્યારે



વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ૧૧ મહીના બાકી છે ત્યારે કોંગ્રેસ દ્વારા પાટણના પૂર્વ સાંસદ, દહેગામના પૂર્વ ધારાસભ્ય જગદીશ ઠાકોરને પ્રદેશ પ્રમુક તરીકે નિયુક્ત કરી ઉત્તર ગુજરાતના રાજકારણમાં નવી ચહલપલ ઉભી કરી છે. જગદીશ ઠાકોર ઓ.બી.સી. સમાજમાંથી આવવાની સાથે બે-લગામ ભાષા બોલવી તેમની ઓળખ છે. આ સંજોગોમાં ભાજપા માટે જગદીશ ઠાકોર કેવા પડકાર ઉભા કરે છે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે. બાયડ-મોડાસા-પ્રાંતિજ વિધાનસભા બેઠકમાં ભાજપાનો જૂથવાદ વકરી રહ્યો છે પરંતુ જાહેરમાં દેખાયો નથી આ સ્થિતિમાં ભાજપા માટે ઓ.બી.સી. ફેક્ટર અત્યંત મહત્વનું સાબિત થઈ શકે છે. જગદીશ ઠાકોરના સાબરકાંઠા-અરવલ્લીમાં અનેક સમર્થકો છે. જે ભાજપ તરફી થયા છે. અને તેઓ પ્રદેશ પ્રમુખ બન્યા પછી ધ્રુવીકરણ કરાવી શકશે કે કેમ..!! તે દિશામાં પણ ગણિત મંડાઈ રહ્યા છે.

# પ્રાંતિજના સીતવાડા ખાતે જમીન પચાવી પાડતા છ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

**પ્રાંતિજ સહિત તાલુકામાં લેન્ડ ગ્રેબીંગની ઉપરાઉપરી ત્રીજી ફરીયાદ થઈ : અમદાવાદ ખાતે રહેતા ખેડૂતની જમીન લોક ડાઉન દરમ્યાન ખોટીરીતે પચાવી પાડતા ફરીયાદ : આરોપીઓ દ્વારા છેલ્લા બે વર્ષ થી જમીન પચાવી વાવેતર કરે છે**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સીતવાડા ખાતે આવેલ જમીન બીન અધિકૃત પચાવી પાડી મુળ માલિક ને જમીન ઉપર જતા જાનથી મારી નાંખવા ની ધમકીઓ આપતા છ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ ના સીતવાડા ના અને હાલ અમદાવાદ ખાતે રહેતા માપસંગભાઈ ડાહ્યાજી ચૌહાણ કે જેવો ની સીતવાડા ગામની સીમમાં આવેલ રી.સ.નં.૪૬૬ (જુનો સર્વ નં. ૪૦૫ ) ની ૧-૭૩-૯૩ પૈકી ની ૧।૨ ની ખેતી ની જમીન ગામનાજ રતનસિંહ ફતેસિંહ મકવાણા , મધુબા રતનસિંહ મકવાણા, ફુલસિંહ રતનસિંહ મકવાણા , સુધાબેન રતનસિંહ મકવાણા , ઈલાબેન રતનસિંહ મકવાણા, મહેન્દ્રસિંહ રતનસિંહ મકવાણા તમામે-તમામ રહે. બોરીયા સીતવાડા ગોગા મહારાજ ના મંદિર પાસે તા.પ્રાંતિજ નાઓ ગેરકાયદેસર રીતે વાવેતર કરે છે જેથી મે ફુલસિંહ તથા મહેન્દ્રસિંહ નાને જણાવેલ કે આ જમીન અમારી છે તો તેમણે મને જણાવેલ કે આ જમીન અમોએ વેચાણ રાખેલ છે અને અમારી છે તમો અમારી જમીન મા આવતા નહિ નહિતર જીવતા નહિ જવા દઈએ તેમ જણાવેલ અને અમારી જમીન નો કબ્જો ગેરકાયદેસર રીતે રાખેલ છે અને વાવેતર કરે છે જેથી પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા માનસંગ ભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે છ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધી.

**ચૂંટણી જંગમાં જામતી ચર્ચા**

# સાબરકાંઠા - અરવલ્લીમાં મહીલા સરપંચ ઉમેદવારોનો એક બીજા ઉપર વાકબાણ મિસાઈલ શરૂ

## મહીલા સરપંચ બેઠક ઉપર તિવ્ર સ્પર્ધાના સંકેત

બાયડ, તા. ૯

સાબરકાંઠા-અરવલ્લીની ગ્રામ પંચાયતોના ચૂંટણી જંગમાં ચિત્ર સ્પષ્ટ થયા પછી પ્રચારકાર્ય શરૂ થયુ છે ત્યારે જિલ્લામાં ૨૨૯



પંચાયતોમાં મહીલા સરપંચ પદ અનામત આવ્યા પછી ૧૦ થી વધુ પંચાયત સમરસ થતાં ૨૧૯ મહીલા સરપંચ પદ ધરાવતી ગ્રામ પંચાયતોમાં મહીલા ઉમેદવારો પ્રચાર દરમ્યાન એકબીજા ઉપર વાકબાણની મિસાઈલ શરૂ કરતાં ટેકેદારો અને મતદારોને પણ ચૂંટણી પ્રચારમાં રસ જાગ્યો છે. આમ તો મહીલા સરપંચ પદ અનામત હોય ત્યાં તિવ્ર જંગ જોવા મળતો નથી પરંતુ આ વખતે આવી પંચાયતોમાં કાંટે કી ટક્કરની જેમ તિવ્ર રસાકસી જોવા મળી રહી છે.

જિલ્લાના ૧૪ તાલુકાની ૫૫૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી રણશીંગુ ફુંકાયુ...પછી દામ-શામ-દંડની નીતિથી ઉમેદવારી પરત ખેંચવાના પ્રયાસ થયા અને તા. ૭ ડિસેમ્બરના રોજ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતાં હવે ફૂફાડા મારતા ઠંડીના સૂસવાટામાં ઉમેદવારો-ટેકેદારો પ્રચાર કાર્યમાં નિકળે છે પરંતુ લગ્નસરાની સીઝન હોવાથી પ્રચારકાર્ય જામતુ નથી. પરંતુ તા. ૧૫ ડિસેમ્બરથી પ્રચારમાં તેજીની ધારણા છે. અત્યારે તો લગ્નના સ્થળે ઉમેદવારો પોતાના મતદારોને જોઈ પ્રચાર કાર્ય કરતાં જોવા મળે છે. ત્યારે મહીલા સરપંચ પદના ઉમેદવારોએ જે રીતે એક બીજા ઉપર આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ કર્યા છે તે જોઈ ચૂંટણી પ્રચાર આગામી દિવોસમાં વધુ તેજાબી બનવાની સંભાવના વધુ છે. કેટલાક મહીલા ઉમેદવારોએ પ્રચારકાર્યમાં મહીલાઓને લગતા મુદ્દા ઉપર વધુ ભાર મુકવાની શરૂઆત કરી છે. તે જોતાં મહીલા અનામત બેઠકવાળી ગ્રામ પંચાયતોના ચૂંટણી જંગમાં આવનારા દિવસોમાં છેલ્લી હદનો પ્રચાર કેવો હશે..!! તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં આકાશ સ્વચ્છ થતાં ધરતીપુત્રોને રાહત

બાયડ, તા. ૯

કમોસમી માવઠા પછી છેલ્લા ૨ દિવસથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આકાશ સ્વચ્છ થતાં ધરતીપુત્રોને રાહત થઈ છે. ચારેય દિશામાં લગ્નસરાના અવસર હોવાથી સવારે લગ્નના અવસર, બપોર બાદ ખેતીમાં ધરતીપુત્રો મન પરોવી રહ્યા છે જ્યારે વાતાવરણ પલ્ટાવથી યાર્ડ-બજારમાં ઠપ્પ થયેલા ધંધા ફરી જીવંત બન્યા છે.

**સવારે લગ્નના અવસર, બપોર બાદ ખેતીમાં મન પરોવતા ધરતી પુત્રો**

રાજ્યના હવામાનમાં છેલ્લા એક પખવાડીયામાં આવેલા બીજા પલ્ટાવની ખેતી ઉપર વિપરીત અસર પડશે તે નક્કી છે. કમોસમી માવઠાંએ આફત બનવાની સાથે ખેડૂતોએ પણ દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બર-જાન્યુઆરીમાં વરસતા માવઠાની ચાલ જાણીને જ ખેતીનું આયોજન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ ડીપ્રેશનના સકંજામાં જિલ્લાના ૧૦ તાલુકા આવી જતાં રવિ ખેતીને અંશતઃ બાગાયત ખેતીને વધુ નુકશાનની આશંકા વચ્ચે ખેડૂતો ફરી નિરાશા ખંખેરી ખેતી કામમાં પરોવાઈ રહ્યા છે. કમોસમી માવઠાની અવધિ લંબાય તો ખેડૂતો પાયમાલ થવાની દહેશત હતી પરંતુ હવામાન વિભાગે તા. ૩ ડિસેમ્બરથી આકાશ સ્વચ્છ રહેવાની આગાહી સાચી ઠરી...સૂર્યના કિરણો ધરતી ઉપર પ્રસરતાં પ્રજા કુણો તાપ લઈ શરીરને જરૂરી પૌષ્ટિકતા આપવાના પ્રયાસ શરૂ કર્યા. માવઠાના કારણે મોર્નિંગ-ઈવનીંગ વોક બંધ કરનારા લોકો ફરી નિત્ય ક્રમ ઉપર આવી ગયા છે. પાછલા ૨ દિવસથી નિકળેલા ઉઘાડ અને ઠંડીનુ જોર વધતાં રવિ ખેતીને ફાયદો થવાની ધારણા છે.